UK Health
Security
Agency

# શસ્ત્રક્રિયાના કાપાના ચેપ સામે દેખરેખ રાખવી

## દર્દીઓ માટે માહિતી







આ પત્રિકા શસ્ત્રક્રિયાના કાપાના ચેપ વિશે અને હૉસ્પિટલમાં લાગેલા ચેપની દેખરેખ માટેના રાષ્ટ્રીય કાર્યક્રમ વિશે સમજૂતી આપે છે.

# શસ્ત્રક્રિયાના કાપાના ચેપ શું હોય છે?

મોટાભાગના શસ્ત્રક્રિયાના કાપા કોઈ જટિલતા વિના ઝડપથી રુઝાઇ જાય છે. ઘણા જ થોડા શસ્ત્રક્રિયાના કાપામાં ચેપને કારણે જટિલતા થાય છે. આવું ત્યારે થાય છે જ્યારે કીટાણુઓ (બૅક્ટેરિયા જેવા સૂક્ષ્મજીવો) શલ્યચિકિત્સકે શસ્ત્રક્રિયા કરવા માટે તમારી ત્વચામાં પાડેલા કાપા (ચીરા) માંથી અંદર પ્રવેશ કરે છે.

ઘણા કીટાણુઓ આપણા શરીરની અંદર અને તેની ઉપર રહેતા હોય છે અને તેઓ આપણા પર્યાવરણમાં પણ હોય છે. મોટાભાગના બિનહાનિકારક અથવા તો ઉપયોગી પણ હોય છે. હાનિ પહોંચાડી શકે તેવા કીટાણુઓ સામે આપણા શરીરમાં નૈસર્ગિક પ્રતિકાર પ્રણાલી હોય છે. સામાન્યપણે, આપણી ત્વચા કીટાણુઓને આપણા શરીરમાં પ્રવેશવાથી અટકાવે છે, પરંતુ ત્વચામાં કોઈપણ પ્રકારનું ભંગાણ (તે પછી ઈજાને લીધે હોય કે શસ્ત્રક્રિયાના કાપાને લીધે) તેમને અંદર પ્રવેશવા અને ચેપ નીપજાવવા દે છે.

# આવા ચેપ ક્યારે થાય છે?

શસ્ત્રક્રિયાના કાપામાં શસ્ત્રક્રિયા કરાયાના બે થી ત્રણ દિવસથી લઈને કાપો પૂરી રીતે રુઝાઇ જાય ત્યાં સુધીમાં કોઈપણ સમયે ચેપ થઈ શકે છે (સામાન્ય રીતે શસ્ત્રક્રિયાના બે થી ત્રણ અઠવાડિયા પછી). ભાગ્યે જ ક્યારેક, ચેપ શસ્ત્રક્રિયા કરાયા પછી ઘણા મહિનાઓ બાદ થઈ શકે છે.

શસ્ત્રક્રિયાના કાપામાં ચેપ થવા એ સામાન્ય નથી (કોષ્ટક જુઓ). મોટાભાગના શસ્ત્રક્રિયાના ચેપ ત્વચા સુધી મર્યાદિત હોય છે, પરંતુ પ્રસંગોપાત તે ઊંડે આવેલી પેશીઓ સુધી ફેલાઈ શકે છે. શરીરના એવા ભાગો કે જે ઘણા બધા કીટાણુઓનું ઘર હોય, જેમકે પેટ, ત્યાંની શસ્ત્રક્રિયા પછી ચેપ થવાની સંભાવના વધુ હોય છે.

### વિવિધ પ્રકારની શસ્ત્રક્રિયાઓમાં શસ્ત્રક્રિયાના કાપામાં ચેપના દર

| શસ્ત્રક્રિયાનો પ્રકાર | દર 100 શસ્ત્રક્રિયાઓએ ચેપગ્રસ્ત કાપાની સરેરાશ સંખ્યા* |
|---|---|
| ઘૂંટણના સાંધા બદલવા | 1 કરતાં ઓછી |
| થાપાના સાંધા બદલવા | 1 કરતાં ઓછી |
| પેટના માર્ગે ગર્ભાશય દૂર કરવું | 2 |
| રક્તવાહિનીઓની શસ્ત્રક્રિયા | 2 |
| હૃદયની ધમનીને બાયપાસ કરવાની શસ્ત્રક્રિયા | 3 |
| મોટા આંતરડા (મળાશય)ની શસ્ત્રક્રિયા | 9 |

* દર્દીઓ હૉસ્પિટલમાં હોય અથવા શસ્ત્રક્રિયા બાદ ફરી દાખલ કરાયા હોય તે દરમ્યાન જાણમાં આવેલા ચેપગ્રસ્ત કાપા.
ડેટાનો સ્ત્રોત: UKHSA. Surveillance of Surgical Site Infections in NHS Hospitals in England.

# મારા કાપા પર દેખરેખ કેવી રીતે રાખવામાં આવશે?

તમે હૉસ્પિટલમાં હોવ તે દરમ્યાન, જે નર્સ કાપા પરના ડ્રેસિંગ બદલે છે, તે ચેપના કોઈ ચિહ્નો દેખાય છે કે કેમ તે તપાસે છે. જો તમને તમારા કાપા બાબતે ચિંતા હોય, તો તમારું ધ્યાન રાખનાર નર્સને જણાવશો. તમારું ડ્રેસિંગ કાઢી નાખવાની, અથવા તમારા કાપાને કે કાપામાંથી પસ બહાર કાઢતી નળીને સ્પર્શવાની ઇચ્છા થાય તો તેને વશ થશો નહિ. તમે અનાયાસે તમારી આંગળીઓ પરથી તમારા કાપા પર કીટાણુઓ ફેલાવી દો તેવું બની શકે.

તમે હૉસ્પિટલમાંથી ઘરે જતા રહો તે પછી ચેપ થાય તેવું બની શકે. શસ્ત્રક્રિયા પછી થોડી લાલાશ અને સોજો થાય તે અપેક્ષિત છે, જોકે તમને નિમ્નલિખિત લક્ષણોમાંથી એક અથવા વધુ થાય તો તમને ચેપ થયો હોય તેવું હોઈ શકે:

- તમારા કાપા આસપાસની ત્વચા લાલ થાય અથવા ત્યાં ચચરે, અને તમને એવું લાગે કે આવું થવું એ રુઝાવાની સામાન્ય પ્રક્રિયા જેવું નથી, અથવા ત્યાં ગરમ લાગે અને સોજો આવેલો જણાય
- તમારા કાપામાંથી લીલા અથવા પીળા રંગનું પ્રવાહી (પસ) ઝરે
- તમને સહેજ અસ્વસ્થતા લાગે અથવા તાવ જેવું જણાય, અથવા તમારા શરીરનું તાપમાન ઊંચું જાય

જો તમને કાપા અંગે કોઈ સમસ્યા હોય, તો તમારા જનરલ પ્રેક્ટિશનર (GP) નો સંપર્ક કરશો, સિવાય કે તમને જણાવાયું હોય કે હૉસ્પિટલનો સંપર્ક કરવો. તમારી શસ્ત્રક્રિયા થયાના આશરે એક મહિના બાદ તમારા કાપા અંગે કોઈ સમસ્યાઓ છે કે કેમ તે પૂછવા માટે તમને એક પ્રશ્નાવલિ (કાગળ પર, ઈમેલ અથવા ટેક્સ્ટ સંદેશ થકી) આપવામાં આવે અથવા તમને હૉસ્પિટલમાંથી ટેલિફોન કૉલ આવે તેવું બને. ઘણા દર્દીઓ તેમની શસ્ત્રક્રિયા કરાયાના થોડા સમય બાદ જ હૉસ્પિટલ છોડી દે છે અને હૉસ્પિટલના કર્મચારીઓએ દર્દીઓ હૉસ્પિટલમાંથી જતા રહે તે પછી થતા ચેપ વિશે જાણવું જરૂરી હોય છે, નહિકે ફક્ત એવા ચેપ જે દર્દીઓ હૉસ્પિટલમાં હોય ત્યારે થયા હોય.

## જો મને કોઈ લક્ષણો થયેલા જણાય તો શું થશે?

તમારી હૉસ્પિટલ તમારી શસ્ત્રક્રિયા વિશે જાણકારી એકત્ર કરશે અને તમારા કાપા પરના ચેપના ચિહ્નો હોવા વિશે દેખરેખ રાખશે. જો નર્સ, દાઇ અથવા ડૉક્ટરને શંકા થાય કે તમને શસ્ત્રક્રિયાના કાપામાં ચેપ થયો છે, તો તેઓ સ્વૉબનો ઉપયોગ કરીને તમારા કાપાની સપાટી પરથી નમૂનો લઈ શકે અને તેને પરીક્ષણો માટે પ્રયોગશાળા મોકલી શકે. તમારા નર્સ અથવા ડૉક્ટર ઍન્ટિબાયૉટિક વડે સારવાર સૂચવી શકે. તમારી શસ્ત્રક્રિયા વિશે એકઠી કરેલી જાણકારીનો ઉપયોગ હૉસ્પિટલ દ્વારા તમને શ્રેષ્ઠ વ્યક્તિગત કાળજી પૂરી પાડવા માટે કરવામાં આવે છે.

## મારા વિશેની જાણકારી કોની સાથે વહેંચવામાં આવશે?

યુકે હેલ્થ સિક્યુરિટી એજન્સી (UKHSA) સમગ્ર ઇંગ્લૅન્ડમાંની હૉસ્પિટલોમાં શસ્ત્રક્રિયાના કાપાના ચેપ ઉપર નજર રાખવા માટે જવાબદાર છે. આમાં મદદ માટે, તમારી હૉસ્પિટલ તમારી શસ્ત્રક્રિયા વિશેની વ્યક્તિગત જાણકારી UKHSA સાથે વહેંચે છે, જેમાં તમારું નામ, જન્મતારીખ, લિંગ અને NHS નંબર સામેલ છે. આ ઉપરાંત તમને શસ્ત્રક્રિયાના કાપામાં ચેપ થવાના જોખમ વિશે જાણકારી પણ વહેંચવામાં આવશે, જેમાં આમનો સમાવેશ થાય છે:

- તમારી શસ્ત્રક્રિયા પહેલાં તમારા સ્વાસ્થ્યનું સામાન્ય સ્તર
- તમારી શસ્ત્રક્રિયા વિશે જાણકારી
- તમારી શસ્ત્રક્રિયા બાદ તમને થયા હોઈ શકે તેવા કોઈ ચેપ વિશે જાણકારી

UKHSA ને હૉસ્પિટલ તરફથી મળતી માહિતીની ગુણવત્તા અને સચોટતા તપાસવા તથા દર્દીઓ એકથી વધુ વખત તો ગણતરીમાં નથી લેવાતા એ સુનિશ્ચિત કરવા માટે અમારે તમારી વ્યક્તિગત જાણકારીનો ઉપયોગ કરવો જરૂરી. અમે આ જાણકારીનો ઉપયોગ NHS અહેવાલો સાથે જોડાણ સ્થાપવા પણ કરી શકીએ છીએ, જેથી એ જાણવા મળે કે તમને તમારી શસ્ત્રક્રિયા બાદ હૉસ્પિટલમાં ફરી દાખલ કરાયા હતા કે કેમ અને તમે ચેપ થઈ શકે તેવા કોઈ જોખમકારક પરિબળો, જેમકે ડાયબીટિઝ, ધરાવો છો કે કેમ. આનાથી અમારા જાહેર સ્વાસ્થ્ય વૈજ્ઞાનિકોને શસ્ત્રક્રિયાના કાપાનો ચેપ થવાના હૉસ્પિટલોના દરો સુગમ કરાવવામાં અને દર્દીઓને પૂરી પાડવામાં આવતી સારવાર સુધારવામાં મદદ મળે છે. આ ઉપરાંત, અમે નેશનલ સ્ટેટિસ્ટિક્સની ઑફિસમાં (Office for National Statistics) સંગ્રહાતા મૃત્યુ સંબંધિત અહેવાલો સાથે જોડાણ પણ જોડીએ તેવું બને, જેથી એ જાણી શકાય કે શસ્ત્રક્રિયાના કાપામાં ચેપ થયો હોય તેવા કોઈ દર્દીઓ આ ચેપથી મૃત્યુ પામ્યા છે કે કેમ.

તમારી જાણકારીને UKHSA દ્વારા રાખવામાં આવતા સૂક્ષ્મજીવ સંબંધિત પ્રયોગશાળાના ડેટા સાથે પણ જોડવામાં આવી શકે જેથી ચિકિત્સાલયમાં ચેપ વિશે વધુ માહિતી જોઈ શકાય. અમે તમારી જાણકારીને અન્ય ચિકિત્સાલય રજિસ્ટ્રીઓ ખાતે રહેલા અહેવાલો સાથે પણ જોડી શકીએ, જેમાં શસ્ત્રક્રિયા વિશે વધુ વિગતવાર માહિતી, જેમકે ઉપયોગમાં લીધેલા સર્જિકલ ઇમ્પ્લાન્ટ (શરીરની અંદર બેસાડેલા સાધન)ના પ્રકાર ઉપલબ્ધ હોય.

તમારા, અથવા તમારા વતી નિર્ણય લઈ રહ્યાં હોય તેવા લોકોના મોબાઇલ ફોન નંબર અને ઈમેલ અડ્રેસ UKHSA સાથે વહેંચવામાં આવી શકે. આવું એટલા માટે કે જેથી અમે તમને ઈમેલ અથવા ટેક્સ્ટ સંદેશ થકી કાપા રુઝાવા અંગેની પ્રશ્નાવલિ મોકલી શકીએ જેને ભરીને તમે UKHSA ને પરત કરી શકો.

## મને શસ્ત્રક્રિયાના કાપાના ચેપ વિશે વધુ માહિતી ક્યાં મળી શકે?

તમને શસ્ત્રક્રિયાના કાપાના ચેપ વિશે વધુ જાણકારી UKHSA ની વેબસાઇટ પર અહીં મળી આવશે:
www.gov.uk/government/collections/surgical-site-infection-ssi-guidance-data-and-analysis

# મને UKHSA વિશે વધુ માહિતી ક્યાં મળી શકે?

શસ્ત્રક્રિયાના કાપાના ચેપ વિશે જાણવા માટે UKHSA તમારા વિશેની વ્યક્તિગત જાણકારીનો ઉપયોગ કેવી રીતે કરે છે તે વિશે વધુ માહિતી અહીં મળશે www.gov.uk/guidance/surgical-site-infection-surveillance-privacy-notice

એવા દર્દીઓ કે જેમની શસ્ત્રક્રિયા પર UKHSA ની સર્જિકલ સાઇટ ઇન્ફેક્શન સર્વેલન્સ સર્વિસ હેઠળ દેખરેખ રાખવામાં આવી રહી છે, તેમને માટે UKHSA દ્વારા નિર્મિત.

| જો તમને વધુ કોઈ પ્રશ્નો હોય, તો કૃપા કરી અહીં સંપર્ક કરશો: |
| --- |
| |

આ પત્રિકા મોટા અક્ષરો વાળી પ્રિન્ટમાં અને નિમ્નલિખિત ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે, દાખલા તરીકે: અરબી, બંગાળી, ચાઇનિઝ (સરળ બનાવેલ અથવા પરંપરાગત), ગુજરાતી, પોલિશ, પંજાબી અને ઉર્દૂ. તમે આ પ્રકાશનને અહીંથી ડાઉનલોડ કરી શકો છો www.gov.uk/ukhsa

તમે ઑપન ગવર્મેન્ટ લાઇસન્સ (OGL) v3.0 ની શરતો હેઠળ આ જાણકારીનો પુન:ઉપયોગ (લોગોને બાકાત રાખતા) વિનામૂલ્યે, કોઈપણ સ્વરૂપ અથવા માધ્યમમાં કરી શકો છો. આ લાઇસન્સ જોવા માટે, અહીં OGL ની મુલાકાત લો: www.nationalarchives.gov.uk/doc/open-government-licence/version/3/. જ્યાં અમે કોઈ ત્રીજા પક્ષની કૉપિરાઇટ જાણકારીની ઓળખ કરી હોય ત્યાં તમારે લાગુ પડતાં કૉપિરાઇટ ધારકો પાસેથી પરવાનગી લેવી જરૂરી રહેશે.

UKHSA દરેક સમુદાયના દરેક સભ્યને ચેપી રોગો, રાસાયણિક, જૈવિક, કિરણોત્સર્ગીય અને પરમાણુ અકસ્માતો તથા અન્ય સ્વાસ્થ્ય જોખમોના પ્રભાવથી રક્ષણ આપવા માટે જવાબદાર છે. અમે રાષ્ટ્રના સ્વાસ્થ્યની ખાતરી કરવા માટે રાષ્ટ્રીય તથા સ્થાનિક સ્તરે, તેમજ વૈશ્વિક ફલક પર, બૌદ્ધિક, વૈજ્ઞાનિક અને કાર્યકારી નેતૃત્વ પૂરું પાડીએ છીએ.

www.gov.uk/government/organisations/uk-health-security-agency

**Ulotka ta jest również dostępna w języku polskim**
ਇਹ ਪਰਚਾ ਪੰਜਾਬੀ ਵਿੱਚ ਵੀ ਉਪਲਬੱਧ ਹੈ
**এই প্রচারপত্রটি বাংলা ভাষায়ও পাওয়া যায়**
**આ પત્રિકા ગુજરાતી ભાષામાં પણ ઉપલબ્ધ છે**
本宣传单还提供有中文(简体)版本
本宣傳單還提供有中文(繁體)版本

تتوفر هذه الكراسة أيضاً باللغة العربية.
یہ پرچہ اُردو میں بھی دستیاب ہے

© Crown copyright 2025

આ દસ્તાવેજને લગતા પ્રશ્નો માટે, કૃપા કરીને અહીં સંપર્ક કરશો:
ssi.data@ukhsa.gov.uk

પ્રકાશન કરાયું: જૂન 2025

પ્રકાશન સંદર્ભ: GOV-11041

ફોટા © Shutterstock

Corporate member of Plain English Campaign
Committed to clearer communication
339

UKHSA સ્થાયી વિકાસના લક્ષ્યાંકોને ટેકો આપે છે

SUSTAINABLE DEVELOPMENT GOALS